# મોદીના 'પાવરફુલ' રોડ શો દ્વારા પ્રચારનો પ્રારંભ

## પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ મોદી ગુજરાતમાં : એરપોર્ટથી કમલમ સુધી યોજાયેલા આ રોડ શોમાં ચાર લાખ લોકો ઉમટી પડ્યા હતા : રુટ પર ઠેર-ઠેર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૧

૧૦ માર્ચે જાહેર થયેલા પાંચ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ચાર રાજ્યોમાં ભાજપની જીત થઈ છે ત્યારે આ જ વર્ષે ચૂંટણી યોજાવાની છે તેવા ગુજરાતમાં પીએમ મોદીએ આજે વિશાળ રોડ શો કર્યો હતો. પીએમ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. તેઓ આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં અમદાવાદ આવી પહોંચ્યા હતા, અને એરપોર્ટ પરથી જ તેમનો રોડ શો શરુ થયો હતો જે કમલમ સુધી ચાલ્યો હતો. પીએમના રોડ શોમાં તેમની સાથે ખૂલ્લી જીપમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ અને પક્ષના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ પણ જોડાયા હતા. પીએમના રોડ શોમાં સામેલ થવા ગુજરાતભરમાંથી ભાજપના કાર્યકર્તાઓ અમદાવાદ પહોંચ્યા હતા.





ભાજપના દાવા અનુસાર, એરપોર્ટથી કમલમ સુધી યોજાયેલા આ રોડ શોમાં ચાર લાખ લોકો ઉમટી પડ્યા હતા. રુટ પર ઠેર-ઠેર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને દરેક વિધાનસભા બેઠકના નામ સાથે સ્ટેજ પણ ઉભા કરવામાં આવ્યા હતા. પીએમે પણ કાળઝાળ ગરમી હોવા છતાંય ખૂલ્લી જીપમાં જવાનું પસંદ કરીને રોડ શોમાં હાજર રહેલી જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું.

બે કલાક સુધી ચાલેલા રોડ શો બાદ પીએમ મોદી પક્ષના પ્રદેશ મુખ્યાલય કમલમ પહોંચ્યા હતા, જ્યાં તેમનું નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કમલમ ખાતે જ પીએમના ભોજન ઉપરાંત નેતાઓ સાથે વિશેષ ચર્ચાનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. પોતાના બે દિવસના રોકાણ દરમિયાન પીએમ મોદી રાત્રે રાજભવનમાં રોકાશે, અને આવતીકાલે દિલ્હી જવા રવાના થશે. તેઓ આજે જીએમડીસી ગ્રાઉન્ડમાં થનારા ગુજરાત પંચાયત મહાસંમેલનમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ પંચાયતના પ્રમુખ, સભ્યો અને સરપંચો ભાગ લેવાના છે. ગુજરાતમાં પણ હવે ચૂંટણી ખાસ દૂર નથી રહી. જો ચૂંટણી સમયસર યોજાય તો ડિસેમ્બરની આસપાસ તેનું આયોજન શક્ય છે.



### કમલમ ખાતે પુષ્પવર્ષાથી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરાયું

કમલમના પ્રવેશદ્વાર પર પુષ્પવર્ષા કરીને તેમનુ ભવ્ય સ્વાગત કરાયુ હતું. કમલમમાં પ્રવેશતા સમયે પીએમ મોદીએ વિક્ટરી સાઈન બતાવી હતી. કમલમમાં શંખનાદ કરવામાં આવ્યો હતો, જેની ગુંજ આખા પ્રદેશ કાર્યાલયમાં સંભળાઈ હતી. કમલમમાં ૩૦થી ૪૦ મિનિટ સુધી વડાપ્રધાન મોદીએ તમામ નેતાઓ સાથે ચૂંટણીલક્ષી ચર્ચા કરી હતી. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી ભાજપની બેઠક પૂર્ણ થઈ હતી. કમલમમાં બેઠક પૂર્ણ કરી પીએમ મોદી રાજભવન પહોંચ્યા હતા. જ્યારે એક કલાકના રોકાણ બાદ અમદાવાદના ય્સ્ઢ્ઝ ગ્રાઉન્ડમાં આવશે..જ્યાં પંચાયત મહાસંમેલનને સંબોધવાના છે.

## યુક્રેનથી હેમખેમ પરત આવેલા છાત્રો પણ રોડ શોમાં જોડાયા

અમદાવાદ, તા.૧૧

લાંબા સમય પછી ગુજરાતના મહેમાન બનેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એરપોર્ટથી ગાંધીનગરમાં કોબા પાસે આવેલા ભાજપના કાર્યાલય સુધીનો ૧૦ કિલોમીટર લાંબો રોડ શો યોજવામાં આવ્યો હતો. આ રોડ શો દરમિયાન ગુજરાતભરમાંથી ભાજપના કાર્યકર્તાઓ અને અન્ય લોકો ઉમટી પડ્યા હતા. ભારે જનમેદની વચ્ચે જે રસ્તો કાપતા ૧૫થી ૨૦ મિનિટનો સમય લાગે તેના માટે ૨ કલાકનો સમય લાગ્યો હતો. રોડ શો દરમિયાન કેટલાક યુવાનો આકર્ષનું કેન્દ્ર બન્યા હતા. આ એ યુવાનો હતા કે જેઓ ભણવા માટે યુક્રેન ગયા હતા અને યુદ્ધની સ્થિતિ વચ્ચે તેમને યુક્રેનથી હેમખેમ ગુજરાત પરત લાવવામાં આવ્યા છે. જેમાંથી કેટલાક યુવાનો એક સંદેશ લઈને આ રોડ શોમાં જોડાયા હતા. યુક્રેનમાં ફસાયા બાદ ઓપરેશન ગંગા દ્વારા સ્વદેશ લાવવામાં આવેલા વિદ્યાર્થીઓ વડાપ્રધાનના રોડ શોમાં જોડાયા હતા. આ વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન મોદીનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આમાંથી કેટલાક વિદ્યાર્થીઓ બેનર અને પોસ્ટર્સ લઈને ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યભરમાં આમ આદમી પાર્ટીની "તિરંગા વિજય યાત્રા'' યોજાશે

ગાંધીનગર, તા.૧૧

પંજાબમાં થયેલા આમ આદમી પાર્ટીના ભવ્ય વિજય બાદ દિલ્હી સરકારના ધારાસભ્યો તેમજ 'આપ'ના ગુજરાતના પ્રદેશના નેતાઓની આગેવાનીમાં રાજ્યનાં તમામ જીલ્લા કક્ષાએ "તિરંગા વિજય યાત્રા'' યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે તા.૧૨ માર્ચથી તા. ૧૫મી માર્ચ દરમ્યાન 'આપ' ગુજરાતના દરેક જીલ્લામાં તિરંગા વિજય યાત્રાનું આયોજન કરશે જેમાં 'આપ' પાર્ટીના પ્રદેશ નેતાઓ ઈશુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, મનોજ સોરઠીયા, ભેમાભાઈ ચૌધરી, સાગરભાઈ રબારી તથા વિવિધ ઝોનના સંગઠન મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

તિરંગા વિજય યાત્રા અલગ અલગ જીલ્લાઓમાં યોજાશે જેમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં દિલ્હી સરકારના ધારાસભ્યો અને ગુજરાતના પ્રદેશના આગેવાન નેતાઓ ઉપસ્થિત રહેશે. તિરંગા વિજય યાત્રામાં દિલ્હી સરકારના ગુજરાતમાં ઉપસ્થિત રહેનાર ધારાસભ્યોમાં ગુલાબસિંગ યાદવ, સૌરભ ભારદ્વાજ, દિલીપ પાંડે, અજેશ યાદવ, વિશેષ રવી અને નરેશ યાદવનો સમાવેશ થાય છે.


ખેલ મહાકુંભ
રમશે ગુજરાત જીતશે ગુજરાત...

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પોલીસ

આઝાદી નો અમૃત મહોત્સવ

રમશે ગુજરાત
જીતશે ગુજરાત

રમત-ગમત ક્ષેત્રે ગુજરાતને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવનાર આપણા યશસ્વી વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** ના વરદ્હસ્તે

ખેલ મહાકુંભના 11મા સંસ્કરણનો ભવ્યાતિભવ્ય શુભારંભ અને ગુજરાતની નવી સ્પોર્ટ્સ પોલિસી 2022ની જાહેરાત

તારીખ: 12-03-2022 | સમય: સાંજે 5 વાગે | સ્થળ: સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ

**VVIP અને VIP પાર્કિંગ** — કલર કોડ - ગોલ્ડ

| પાર્કિંગની જગ્યા | પ્રવેશ ગેટ નંબર | ડ્રૉપ પૉઇન્ટ |
|---|---|---|
| VVIP પાર્કિંગ<br>નવરંગપુરા મલ્ટિલેવલ પાર્કિંગ કૉમ્પ્લેક્સ<br>હોમગાર્ડ ગ્રાઉન્ડ, શ્રેય હૉસ્પિટલની બાજુમાં, નવરંગપુરા<br>સોમ લલિત સ્કૂલ ગ્રાઉન્ડ, સ્ટેડિયમની સામે | 1 | સ્ટેડિયમ સર્કલ |
| VIP પાર્કિંગ<br>ભીખાભાઈ ગાર્ડન સામે, રિવરફ્રન્ટ | 1 | સ્ટેડિયમ સર્કલ |

અમદાવાદ શહેરમાં આયોજીત ખેલ મહાકુંભ 2022ના ભાગ રુપે 12મી માર્ચ 2022 ના રોજ નીચેના માર્ગો જાહેર જનતા માટે બંધ રહેશે.
જાહેર જનતાએ નીચે દર્શાવેલ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

**12/03/2022ના રોજ 2 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચે મુજબના માર્ગ/વિસ્તારના રોડ ઉપર વાહનોની અવર જવર પર પ્રતિબંધીત માર્ગ/વિસ્તાર જાહેર કરવા માટેનો મુસદ્દો:**

**પ્રતિબંધિત માર્ગ/વિસ્તાર:- 1** સરદાર પટેલ બાવલા સર્કલથી સ્ટેડિયમ છ રસ્તા, ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા, લખુડી સર્કલથી સ્ટેડિયમ છ રસ્તા તથા કૉમર્સ સર્કલથી સ્ટેડિયમ છ રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.

**વૈકલ્પિક માર્ગ:-1** ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ થઇ બુટ્ટસિંગ ચાર રસ્તા થઇ મિઠાખળી સર્કલ થઇ ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ ચાર રસ્તા થઇ સ્વસ્તિક ચાર રસ્તા સુધીના માર્ગ તથા લખુડી સર્કલ થઇ દર્પણ સર્કલ થઇ વિજય ચાર રસ્તા થઇ દાદાસાહેબ પગલા થઇ કૉમર્સ સર્કલ સુધીના માર્ગનો વાહનનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.

**પ્રતિબંધિત માર્ગ/વિસ્તાર:-2** વાડજ સ્મશાન ગૃહ કટથી પશ્ચિમનો રિવરફ્રન્ટ રોડ, આંબેડકર બ્રિજ નીચે સુધીનો રિવરફ્રન્ટ રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.

**વૈકલ્પિક માર્ગ:-2** વાડજ સ્મશાન ગૃહ કટ થી વાડજ સર્કલ થઇ આશ્રમ રોડ થઇ પાલડી ચાર રસ્તા થઇ અંજલી ચાર રસ્તા થઇ અવર જવર કરી શકાશે તથા પૂર્વના રિવરફ્રન્ટ રોડનો ઉપયોગ કરી શકાશે.

**અપવાદ:-** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ ફરજમાં રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, ઍમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને જાહેરનામુ લાગુ પડશે નહી.

**ડ્રૉપ અને પાર્કિંગ પૉઇન્ટ**

| નં. | ઝોન | કલર કોડ | પ્રવેશ ગેટ નંબર | ડ્રૉપ પૉઇન્ટ | પાર્કિંગની જગ્યા | બસનો આવવાનો રુટ |
|---|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ શહેર | ઑરેન્જ | 2 | કૉમર્સ છ રસ્તા<br>મેમનગર ફાયર સ્ટેશન<br>નવરંગ સર્કલ | સેપ્ટ યુનિવર્સિટી રોડ<br>હેલ્મેટ ચાર રસ્તા એએમટીએસ ડેપો પાર્કિંગ<br>પલ્લવ ચાર રસ્તા પાર્કિંગ પ્લૉટ | |
| 2 | અમદાવાદ ગ્રામ્ય | રેડ | 2 | નવરંગ સર્કલ | AES ગ્રાઉન્ડ (હેલ્મેટ ચાર રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચેનું) | એસજી હાઈવે - પ્રહલાદનગર - ઈસ્કોન ચાર રસ્તા - પકવાન ચાર રસ્તા - થલતેજ - હેલ્મેટ ચાર રસ્તા - નવરંગ સર્કલ - હેલ્મેટ સર્કલ |
| 3 | મહેસાણા, બનાસકાંઠા અને પાટણ | રેડ | 3 | નવરંગ સર્કલ | AES ગ્રાઉન્ડ (હેલ્મેટ ચાર રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચેનું) | વૈષ્ણોદેવી સર્કલ - હાઈકોર્ટ - કારગિલ ચાર રસ્તા - ચાણક્યપુરી ઓવરબ્રિજ - એઇસી ચાર રસ્તા - નવરંગ સર્કલ - હેલ્મેટ સર્કલ |
| 4 | ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા | રેડ | 3 | નવરંગ સર્કલ | AES ગ્રાઉન્ડ (હેલ્મેટ ચાર રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચેનું) | વૈષ્ણોદેવી સર્કલ - હાઈકોર્ટ - કારગિલ ચાર રસ્તા - ચાણક્યપુરી ઓવરબ્રિજ - એઇસી ચાર રસ્તા - નવરંગ સર્કલ - હેલ્મેટ સર્કલ |
| 5 | સૌરાષ્ટ્ર અને કચ્છ | બ્લૂ | 3 | દર્પણ સર્કલ | બ્રહચારીની વાડી, હેલ્મેટ ચાર રસ્તા | એસજી હાઈવે - ઉજાલા સર્કલ - પ્રહલાદનગર ઈસ્કોન ચાર રસ્તા - પકવાન ચાર રસ્તા - થલતેજ - હેલ્મેટ ચાર રસ્તા - નવરંગ સર્કલ |
| 6 | સાબરકાંઠા અને અરવલ્લી | પિંક | 4 | ઉસ્માનપુરા ગાર્ડન રિવરફ્રન્ટ | રિવરફ્રન્ટ (વલ્લભસદન, રિવરફ્રન્ટ હાઉસની નજીકથી મેટ્રો બ્રિજથી ગાંધી બ્રિજ) | ચિલોડા - એરપોર્ટ રોડ - ઝુંડાલ સર્કલ - વિસત પેટ્રોલ પંપ - ચિમનભાઈ પટેલ બ્રિજ - ગાંધી આશ્રમ - વાડજ સ્મશાન ગૃહ થઈ રિવરફ્રન્ટ રોડ |
| 7 | મધ્ય અને દક્ષિણ ગુજરાત | બ્રાઉન | 4 | રિવરફ્રન્ટ | રિવરફ્રન્ટ (વલ્લભસદન, રિવરફ્રન્ટ હાઉસની નજીકથી મેટ્રો બ્રિજથી ગાંધી બ્રિજ) | સીટીએમ - નારોલ - વિશાલા સર્કલ - એપીએમસી સર્કલ - પાલડી ચાર રસ્તા - ટાગોર હૉલ - રિવરફ્રન્ટ |
| 8 | વૉલન્ટીયર્સ | સિલ્વર | 5 | રિવરફ્રન્ટ | રિવરફ્રન્ટ | |

ઉત્તર ગુજરાત, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર તરફથી આવતી બસો



ઉત્તર ગુજરાત, અરવલ્લી અને સાબરકાંઠા તરફથી આવતી બસો



સૌરાષ્ટ્ર તરફથી આવતી બસો



તમામ પાર્કિંગની વિગત



દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાત તરફથી આવતી બસો



ડ્રૉપ પૉઇન્ટ લૉકેશન્સ



ગુજરાત પોલીસ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન | સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ